# ત્રીજી સામાન્ય ચૂંટણી ત્રીજી ઓક્ટો.ના રોજ ત્રીજા સીમાંકન સાથે

**મનપામાં સૌથી પહેલુ પક્ષાંતર પણ ૩ સભ્યોએ કર્યુ હતુ : મનપાના અત્યાર સુધીના મેયરો પણ વોર્ડ નં. ૩ માંથી જ આવ્યા છે : બીજી ચૂંટણીમાં ત્રણ વોર્ડ ઘટ્યા તો ત્રીજીમાં ત્રણ વોર્ડ વધી ગયા : ત્રીજી ચૂંટણીનો જંગ પણ ત્રિપાંખીયો લડાશે**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકાની ત્રીજી સામાન્ય ચૂંટણી ૩જી ઓક્ટોબરના રોજ યોજાવાની છે. ત્રીજી સામાન્ય ચૂંટણી અને ત્રણેય ચૂંટણીમાં નવા સીમાંકન એ આ નગરના મહાજંગની આગવી વિશેષતા રહી છે.

રાજ્યના પાટનગરના પ્રથમ ચૂંટણી જંગમાં ૧૧ વોર્ડ હતા અને ૩૩ બેઠકો હતી. બીજી ચૂંટણીમાં વોર્ડની સંખ્યા ઘટીને ૮ થઈ અને ૩૨ બેઠકો હતી હવે ત્રીજી ચૂંટણીમાં નવા વિસ્તારો ભળતા પુનઃ ૧૧ વોર્ડ થયા અને ૪૪ બેઠકો થઈ છે.

**જંગ-મહાજંગ**

ત્રીજો ચૂંટણી જંગ વિશેષ મહત્વ ધરાવે છે એટલા માટે કે પહેલા બે જંગ ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધા ખેલાયા હતા જ્યારે આ વખતનો જંગ ત્રિપાંખિયો છે. ત્રણેય ચૂંટણીમાં સીમાંકનના મુદ્દા જ વિવાદાસ્પદ રહ્યા છે. ઝીબ્રાનું પાલન થયુ નથી તેમજ હાઈવે ક્રોસ ન કરાય પણ કરવામાં આવ્યા છે.

પાટનગરમાં મનપાની રચના પણ રાજ્યની વડી અદાલતના આદેશને લઈ કરવામાં આવી હતી. આ પહેલાં નોટીફાઈડ કચેરી હતી અને તેની કમિટી હતી તે પણ ત્રણ વખત રચાઈ હતી.

બીજી ચૂંટણી વેળાએ વોર્ડની સંખ્યામાં ૩ નો ઘટાડો થયો હતો તો ત્રીજી ચૂંટણીમાં વોર્ડની સંખ્યામાં ૩ નો વધારો થયો છે.

ગાંધીનગર મનપામાં સૌથી પહેલુ પક્ષાંતર પણ ત્રણ જ સભ્યોએ કર્યુ હતુ. ગાંધીનગર મહાનગરપાલિકાના આ જંગમાં સૌથી વધુ મેયરો પણ વોર્ડ નં. ૩ એ જ આપ્યા છે. અત્યાર સુધીના તમામ મેયરો વોર્ડ નં. ૩ માંથી બન્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના આ ત્રીજા જંગની વિશેષતા એ છે કે બે વખત સામાન્ય ચૂંટણી કોરોના અને ચોમાસામાં થતા વાહકજન્ય રોગચાળાના ભયને લઈ ૬ માસ મોડી યોજાઈ રહી છે.

નવા સીમાંકમાં ભેળવવામાં આવેલા ૧૮ ગામ અને એક ન.પા.ના વિસ્તારનો સમાવેશ થયો છે. ગાંધીનગર શહેરની રચના વખતે માત્ર ૩૦ સેક્ટરોની જ કલ્પના અને બીજા ખાલી પ્લોટો પર બંગલાઓના આયોજનની હતી. જો કે હવે તેમાં ફેરફાર થયો છે. આ પહેલુ મહાનગર છે જેમાં એગ્રીકલ્ચર ઝોન સહિતના વિવિધ ઝોન છે.

આ વખતની ચૂંટણીનું સીમાંકન ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે થયુ છે જ્યારે મતદાર યાદી ૧-૧-૨૧ની સ્થિતિની છે. મતદારયાદી પ્રસિદ્ધ થયાના નવ માસના સમય પછી નવા ઉમેરાયેલા મતદારો આ ચૂંટણીમાં મતદાન કરી શકશે નહિ.

આ ત્રીજી સામાન્ય ચૂંટણીમાં વરસાદમાં પલડતા ઉમેદવારો પ્રચાર કરે છે. ઉમેદવારોએ પ્રચારમાં પણ વાહકજન્ય રોગચાળાની વાત કરી અને રોગચાળા નગર તરીકે પાટનગર ઉભરી રહ્યાનું જણાવી પ્રચારમાં તેમને મત આપવા અપીલ કરી રહ્યા છે.

શહેરના માર્ગો પર ભરાયેલા વરસાદી પાણી અંગે ખુલીને તંત્રની ટીકા કરવાનું સૌ કોઈ ટાળી રહ્યા છે. મતદાન મથકોની હદમાં જ કન્સ્ટ્રક્શન કામો પણ ધમધમી રહ્યા છે. ત્યાં પણ વરસાદી પાણી ભરાવાની સમસ્યા છે.

# સ્માર્ટ સિટીની સ્માર્ટ સમસ્યા : સેકટરોમાં કમ્પાઉન્ડ વોલની કિલ્લેબંધીથી રહીશોને મુંઝારો

**સલામતીના નામે પણ મીંડુ : સેકટરોમાં કમ્પાઉન્ડ વોલના નિર્માણ પુર્વે દબાણો દુર કરાયા નથી : કમ્પાઉન્ડ વોલમાં છીંડા : રખડતા ઢોરનો પ્રશ્ન પણ યથાવત : વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવે કમ્પાઉન્ડ વોલ પાસે જળબંબાકાર**





ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ નાગરિકોની દાયકાઓ જુની સમસ્યાનો અંત આવ્યો નથી પરંતુ એક દાયકામાં સેકટરવાસીઓ સામે નતનવી સમસ્યાઓ ઉભી થઈ છે. મત બટોરવા માટે થતી રાજનીતીના લીધે સેકટરોમાં આમ નાગરિકોને પડતી હાલાકી નિવારવા માટે દુર્લક્ષ્ય સેવાઈ રહ્યુ છે. ચુંટણી પ્રચાર માટે સેકટરે સેકટરે ફરતા નેતાઓ કે નગરસેવકો આડા દિવસોમાં સેકટરોમાં ડોકીયુ પણ કરતા ન હોવાનો આક્રોશ હાલ ચુંટણી ટાંણે થઇ રહ્યો છે. સેકટરોમાં સફાઇના અભાવે ગંદકીની સમસ્યા જટીલ બની છે. જયારે આંતરિક માર્ગો પણ કોર્પોરેશનની અણઘડ કામગીરીના લીધે બિસ્માર બન્યા છે. આ સ્થિતિ વચ્ચે એકબાજુ યોગ્ય આયોજનના અભાવ વચ્ચે સેકટરોમાં માર્ગોના વાઇડનીંગની કામગીરી સ્થાનિકો માટે પરેશાનીનુ કારણ બની છે. બીજીતરફ સ્થળ સ્થિતિનો યોગ્ય અભ્યાસ કર્યા વિના સેકટરોમાં કમ્પાઉન્ડ વોલના નામે કલવામાં આવેલી કિલ્લાબંધી પણ ત્રસ્ત બન્યા છે. સેકટરોમાં છેલ્લા એક વર્ષથી કમ્માઉન્ડ વોલ બનાવાની કામગીરી ચાલી રહી છે. નવા સેકટરોમાં ઘણાં ઠેકાણે આ પ્રકારની કમ્પાઉન્ડ વોલ તૈયાર થઇ ગઇ છે. પરંતુ કમ્પાઉન્ડ વોલ તૈયાર કરતા પુર્વે નાગરિકોને પડતી હાલાકી અંગે કોઇ અભ્યાસ કર્યા વિના જ દિવાલ ચણી દેવામાં આવી છે. એકબાજુ રહેણાંક વિસ્તારમાં દબાણો પણ વધી રહ્યા છે. ત્યારે સેકટરોમાં ફેન્સીંગના દબાણોએ પણ અજગરભરડો લીધો છે. પરંતુ કમ્પાઉન્ડ વોલના આયોજન બાદ આ દબાણોને આડશ મળી ગઇ છે. સેકટરોની સોસાયટીમાં વધતા ફેન્સીંગના દબાણોના લીધે પાર્કીંગની સમસ્યા પણ પેચીદી બની છે. જયારે રખડતા ઢોરનો ત્રાસ પણ સેકટરોના રહેણાંક વિસ્તારમાં યથાવત છે. એટલુ જ નહીં પરંતુ કમ્પાઉન્ડ વોલમાં પણ છીંડા જોવા મળે છે. કમ્પાઉન્ડ વોલના લીધે વરસાદી દિવસોમાં રહીશોના ઘર આંગણે જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. કમ્પાઉન્ડ વોલમાં છીંડા હોવાના લીધે રખડતા ઢોર પણ સરળતાથી સેકટરોમાં પ્રવેશે છે. આ ઉપરાંત અજાણ્યા ઈસમોને પણ સેકટરોમાં પ્રવેશ માટે કોઇ અવરોધ નડતો નથી. સેકટરોમાં કમ્પાઉન્ડ વોલના નિર્માણ બાદ સેકટરવાસીઓએ પણ ફરીને ફરીને જવાની નોબત આવી છે. જયારે કમ્પાઉન્ડ વોલના નિર્માણ પાછળ તોતિંગ ખર્ચ કરાયા બાદ પણ યોજનાનો હેતુ સરતો નથી જેના લીધે સ્થાનિકોમાં આક્રોશ પ્રવર્તયો છે.

## જિલ્લાની ૧૨૮ શાળાઓ પાસે રમત-ગમતના મેદાન નથી : જીતુભાઈ વાઘાણી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં ૧૨૮ શાળાઓ પાસે સરકારે નિયત કરેલા ધોરણ મુજબના રમત-ગમતના મેદાનો નથી. કોંગ્રેસના પ્રતાપ દૂધાતે પૂછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લાની ૫૯ પ્રા. શાળા, ૫૩ માધ્યમિક શાળા, ૫૮ માધ્યમિક અને ઉચ્ચત્તર મા. શાળા તેમજ ૨૭ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પાસે મળી કુલ ૧૨૮ શાળાઓમાં રમત-ગમતના મેદાન નથી. મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે પ્રા. શાળાઓ માટે તા. ૨૦-૧૨-૧૯ના જાહેરનામા મુજબ રમત-ગમતનું મેદાન અથવા ૧૫ વર્ષના રજીસ્ટર્ડ લીઝથી તે મેળવવા શાળાઓને સૂચના આપવામાં આવેલ છે. જે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કે જે ટ્રસ્ટની માલિકીનું કે ભાડાનું મેદાન ધરાવતી નથી તેવી શાળાઓને મેદાનની વ્યવસ્થા ઉપલબ્ધ કરવા બાબતે સૂચના/કારણદર્શક નોટીસો અપાઈ છે

## કલોલ-માણસા-ગાંધીનગર તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં આજે વરસાદના હળવા ઝાપટા નોંધાયા છે. જિલ્લાના ત્રણ તાલુકામાં મળી આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં ૬૧ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં વરસાદની સિજનમાં વરસાદના દિવસો વધ્યા છે પરંતુ હજુ જિલ્લામાં ૩૫ ટકાથી વધુ વરસાદની ઘટ છે. વરસાદની પેટર્નમાં પણ બદલાવ થતો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં ક્યાંક ક્યાંક ખંડીય વૃષ્ટિ થઈ હોવાની વાતો પણ છે. આ વખતે વરસાદ સપ્ટેમ્બર માસમાં ચાલુ રહ્યો છે. છેલ્લા બે વર્ષમાં જે મોટો બદલાવ જોવા મળ્યો છે તેમાં ઓગષ્ટ અને સપ્ટેમ્બર માસમાં જ વરસાદ સિઝનનો સારો થઈ રહ્યો છે.

**વરસાદની પેટર્નમાં બદલાવ થયો : વરસાદના દિવસો વધ્યા પણ હજુય જિલ્લામાં વરસાદની ઘટ**

આ વર્ષે વરસાદની પેટર્નમાં જે બદલાવ જોવા મળ્યો છે તેમાં ભારે વરસાદ થયો નથી એટલુ જ નહિ એકાદ બે વખત જિલ્લામાં એક સાથે ૪ ઈંચ જેવો વરસાદ નોંધાયો છે.

સાબરમતી નદી હજુ સુધી કોરી રહી છે સંત સરોવરમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

## અડાલજમાંથી સોમવારે કોરોનાનો વધુ કેસ મળ્યો : જિલ્લામાં ૩૦ દિવસે કેસ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. આજે ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ દિવસથી પણ વધુ સમય પસાર થયા પછી કેસ નોંધાતા તંત્ર એકદમ ચોંકી ઉઠયું છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી આ કેસ મળી આવેલ છે. અને દર્દીને અમદાવાદમાં દાખલ કરવામાં આવેલ છે. બિનસત્તાવાર મળતી વિગતો પ્રમાણે આ દર્દી જિલ્લાના બહારના પ્રવાસે ગયો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં કેસ નોંધાતા તંત્ર એ સઘન સર્વેલન્સ અને સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી માટે સૂચનાઓ આપેલ છે.

## આર ટી ઓ દ્વારા જી જે ૧૮ બી ક્યુની નવી સીરીઝને અનુલક્ષી પસંદગીના નંબરોની હરાજી કરાશે

**આગામી તા ૧૮ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન ઓનલાઇન અરજી કરવાની રહેશે**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા ફોર વ્હીલરના વાહનો માટે નવી સીરીઝ શરૂ કરવામાં આવશે જી જે ૧૮ બી ક્યુની આ નવી સીરીઝને અનુલક્ષી આગામી દિવસોમાં પસંદગીના નંબરો મોટ હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે જેને અનુલક્ષીને પસંદગીના નંબરો મેળવવા માટે વાહન માલિકોને પસંદગીના નંબર મેળવવા માટે ૧૮ થી ૨૦ ઓકટોબર દરમિયાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ગાંધીનગરમાં જી જે ૧૮ ના રૂઆબદાર પાસીંગ માટે આમપણ વાહનચાલકોમાં ક્રેઝ જોવા મળે છે. શહેર બહારના નાગરિકો પણ તેમના વાહનનુ પાસિંગ ગાંધીનગરથી કરાવી જી જે ૧૮નુ પાસીંગ માટે આગ્રહ રાખે છે. જયારે ૧૮ ના આંકડાના આ પાસીંગ સાથે પસંદગીના નંબર મેળવવા માટે પણ વાહનચાલકોમાં અનોખો લગાવ જોવા મળે છે. આર ટી ઓ દ્વારા નવી સીરીઝને અનુલક્ષી દરવર્ષે થતી હરાજીની પ્રક્રીયાના અંતે વાહન વ્યવ્હાર કચેરીને તગડી આવક પણ થાય છે. ખાસ કરીને જી જે ૧૮ ના પાસીંગ સાથે અન્ય આંકડાનો સરવાળો પણ બંધ બેસતો થઈ જતા પસંદગીના નંબરોનુ ટોટલ પણ જળવાઈ રહેતુ હોવાનુ કારણ પણ જવાબદાર છે. ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા આગામી દિવસોમાં વાહનો માટે નવી સીરીઝ જી જે ૧૮ બી ક્યુ શરૂ થવાની છે. જેને અનુલક્ષી આર ટી ઓ કચેરી દ્વારા પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે. આ અંગે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાંવ્યા મુજબ વર્ષ ૨૦૧૫ થી વાહનોના નંબર ગોલ્ડન, સિલ્વર સહીતની કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. જયારે વાહનોમાં પસંદગીના નંબરો ફાળવવા માટે વધુ પારદર્શક કામગીરી થાય તે માટે ઓનલાઈન હરાજી કરવાનો નિર્ણય પણ લેવાયો છે. જે મુજબ નવી સીરીઝને અનુલક્ષી પસંદગીના નંબરો મેળવવા માટે

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં અડધો ઈંચ વરસાદ : સવારે ધોધમાર ઝાપટાથી ચોમેર પાણી ભરાયા

**શહેરમાં સિઝનનો ૧૫ ઇંચ વરસાદ : સેક્ટરોમાં વરસાદી વાતાવરણ વચ્ચે મચ્છર ઉત્તપત્તિ સ્થાનો વદ્ય**



ગાંધીનગર તા ૨૭

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદી ઝાપટા યથાવત છે. વરસાદી મોસમ નિખરી છે. ગઈકાલે પણ સતત આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા. કાળા ડિબાંગ વાદળો વરસ્યા ન હતા જયારે આજે પણ સવારથી મોસમનો મિજાજ નિખર્યો હતો. આકાશમાં ગોરંભાયેલા વાદળો થોડીવાર માટે ધોધમાર વરસતા સેકટરોમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરોમાં વરસાદના લીધે કોમન પ્લોટમાં પાણી ફરી વળ્યા હતા. સેકટરોના રીંગ રોડ તેમજ આંતરિક માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થયો હતો રોજબરોજ વરસતા વરસાદી ઝાપટના અંતે સેકટરોમાં હવે ઝડપથી વરસાદી પાણીનો નિકાલ થતો નથી જેના લીધે લાંબા સમય સુધી પાણી ભરાયેલુ રહેતા સેકટરોમાં મચ્છર ઉત્તપત્તિ સ્થાનો પણ વધ્યા છે. જયારે વરસાદી સમસ્યાના લીધે સ્થાનિકો પણ ત્રાહીમામ પોકારી ગયા છે. સવાર સાંજ ઝાપટા નાંખી જતા વરસાદના લીધે નગરજનો વિચિત્ર મોસમનો અહેસાસ કરી રહ્યા છે. વરસાદ આવે તેના બાદ થોડા સમય સુધી વાતાવરણમાં હળવી ઠંડક પ્રસરે છે.

જયારે વરસાદની ગેરહાજરીમાં ઉકળાટનુ પ્રમાણ વધતા નગરજનોને બફારો વેઠવાનો વારો આવે છે. હજુ પણ વરસાદી વાયરા વચ્ચે ઉકળાટ વર્તાતા શહેરીજનો ધોધમાર વરસાદ વરસે તેવી આશ સેવી રહ્યા છે. ગાંધીનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ મી મી વરસાદ વરસ્યો છે. અલબત્ત અડધા ઈંચ વરસાદથી ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ શહેરમાં સિઝનનો કુલ ૧૫ ઈંચ જેટલો વરસાદ થયો છે. શહેરમાં સિઝનનો અંદાજિત ૫૫ ટકા વરસાદ થઈ ગયો હોવાનુ પણ મનાય છે. જો કે હજુ પણ આગામી દિવસોમાં ધોધમાર વરસાદ આવવાની સંભાવના છે.

## જિલ્લામાં બિનખેતીની મંજૂરી આપવામાં ૯ કરોડથી વધુની આવક થઈ

**જમીન રી-સર્વેમાં ક્ષતિ સુધારણ અંગે ૩૯૪૪ અરજીઓ મળી**

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત વિધાનસભાના બે દગિવસીય સત્રનો આજથી આરંભ થયો છે. આજે ૧૪ જેટલા વિભાગોની પ્રશ્નોત્તરી હતી. પ્રશ્નોત્તરીનો સમય આમ તો ઉત્તેજીત જોવા મળતો હોય છે પણ એટલી ઉત્તેજનાઓ આજે જોવા મળી ન હતી. ગૃહમાં આજે ગાંધીનગર જિલ્લાને લગતા નવથી વધુ પ્રશ્નો રજુ થયા હતા.

● **ગ્રેડીંગ યુનિટ માટેની યોજના**

ભાજપના દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે જિલ્લામાં શાકભાજી/ફળપાકોના શોર્ટિંગ ગ્રેડિંગ યુનિટ માટેની યોજનામાં ચુકવવામાં આવેલ સહાય અંગે પ્રશ્ન પુછ્યો હતો.

કૃષિમંત્રીએ સભ્યને જણાવ્યુ હતુ કે આ યોજનામાં ૨૪ અરજીઓ મળી હતી. જે પૈકી ૧૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને અરજદારોને રૂ. ૪૭,૭૮,૬૨૦ ની સહાય ચુકવી આપવામાં આવી છે.

● **ગાંધીનગરના ગામોનો ઔડામાં સમાવેશ**

કોંગીના બળદેવજી ઠાકોરે ૩૧-૭-૨૧ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના ઔડામાં સમાવિષ્ટ ગામો અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લાના ૬૩ ગામોનો ઔડામાં સમાવેશ થયેલો છે.

સભ્યએ બિનખેતીના દર અંગેના પુછેલા પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૧૮-૩-૧૬ અને ૬-૯-૧૮ના પરિપત્રથી રાજ્ય માટે બિનખેતી દર નિયત કરવામાં આવ્યા છે. તે મુજબ છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે એક લાખથી વધુ નહિ તેટલી વસ્તી વાળા ગામો, મ્યુનિ.બરોએ જાહેર કરેલા વિસ્તારો અને શહેરો માટે જમીનનો ઉપયોગ કામચલાઉ બિનખેતી વિષયક અથવા સખાવતી હેતુ માટે કરવાનો હોય ત્યારે પ્રતિ ચો.મી. રૂ. ૨/- ઔદ્યોગિક અથવા બીજા કોઈપણ હેતુ માટે પ્રતિ ચો.મી. રૂ. ૬ અને અન્ય વિવિધ બિનખેતી હેતુ માટે પ્રતિ ચો.મી. રૂ. ૮ નક્કી કરવામાં આવેલ છે.

છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે એક લાખથી વધુ વસ્તીવાળા મ્યુનિ. બરોએ જાહેર કરેલા વિસ્તારો અને શહેરો માટે ઉક્ત વિવિધ હેતુઓ માટે અનુક્રમે પ્રતિ. ચો.મી. રૂ. ૧૦,૩૦ અને ૪૦ નો દર નિયત કરવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાંથી આ મંજૂરી આપવાથી રૂ. ૭,૧૭,૨૭,૫૩૭ ની અને ૨૦૨૧ માં ૨,૧૭,૩૭,૮૯૨ રૂ.ની આવક થઈ છે.

● **ગેરકાયદે બાયોડીઝલનું વેચાણ**

કોંગીના સુરેશભાઈપટેલે ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદે બાયોડીઝલના વેચાણ, સંગ્રહના નોંધાયેલા ગુના અંગેના પુછેલા એક લેખિત પ્રશ્ના ઉત્તરમાં જણાવ્યું છે કે ૧-૮-૨૦ થી ૩૧-૭-૨૧ દરમ્યાન જિલ્લામાં આવા ૪ ગુનો નોંધાયા છે.

● **ભરતી મેળા**

ભાજપના બલરાજસિંહ ચૌહાણે જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં યોજાયેલા ભરતી મેળાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમમંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૮-૨૧ની સ્થિતએ ૫૭ ભરતી મેળાઓ યોજવામાં આવ્યા હતા.

આ ભરતી મેળાઓ થકી ૪૮૫૬ લોકોને રોજગારી મળી હતી.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

● **જમીન રી-સર્વે**

રાજેન્દ્રસિંહ ઠાકોરે અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં જમીનની સર્વેમાં ક્ષતિ સુધારણા માટે મળેલ અરજીઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ છે કે અરવલ્લી જિલ્લામાં ૩૧-૮-૨૧ની સ્થિતિએ ૩૫૩૯ અરજીઓ મળી છે. જ્યારે ગાંધીનગર જલ્લામાં ૩૯૪૪ અરજીઓ મળી છે.

પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે અરવલ્લીના ધનસુરા તાલુકામાં ૪૭૮, બાયડમાં ૩૭૩, ભિલોડામાં ૮૯૪, પાલનપુરમાં ૨૫૨, મેઘરજમાં ૩૦૯, મોડાામાં ૧૨૩૩ અરજીઓ મળી છે.

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં ૧૯૭૭, કલોલમાં ૯૫૫, માણસામાં ૬૩૬, દહેગામમાં ૩૮૩ અરજીઓ મળી છે.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે અરવલ્સલી જિલ્લામાં કુલ ૩૫૩૯ અરજીઓ પૈકી ૨૬૯૮ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે ૮૪૧ અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે

ગાંધીનગર જિલ્લામાં ૩૯૪૪ અરજીઓ પૈકી ૧૪૯૬ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે અને ૨૪૪૮ અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com